ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૨-૨૦૧૨, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

ગાજ્યા મેઘ વરસ્યા, પણ બહુ ઓછા

એક લાખ ચૌદ હજાર ચારસો પચાસ કરોડ રૂપિયાનું જંગી બજેટ રજૂ કરનાર ગુજરાત સરકારના 'નંબર-૨' નાણાંમંત્રી શ્રી નીતિન પટેલે એમના ૨૦૧૩-૧૪ના બજેટમાં કુશળતા પૂર્વક ૨૮૯ કરોડના કરવેરા ઝીંક્યા છે અને સામે આમ જનતાને લાભ મળે એવી કોઈ સીધી રાહતો સૂચવી નથી. બજેટમાં સૌથી વધારે રકમ મુખ્યમંત્રી આવાસ સમૃદ્ધિ યોજનાને લક્ષમાં રાખી હાઉસિંગ પાછળ ખર્ચવાનો અંદાજ રખાયો છે. તે પછીના ક્રમે કૃષિ, શિક્ષણ અને આરોગ્યની પાછળ ખર્ચ કરાશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પોતાની વાહ વાહ કરાવવા છાશવારે મસમોટા ઉત્સવો યોજતા રહે છે. એમાં જ મોટા ભાગની રકમ રફેદફે થતી રહેશે અને કાગળ પર બધું કુશળક્ષેમ હોવાની આલબેલ પોકારાતી રહેશે. જનતા પર વિકાસ અને વ્યક્તિત્વની ભુરકી છાંટીને સતત ત્રીજીવાર ગુજરાતની સત્તા સર કરનાર મુખ્યમંત્રીની નજર સૌ જાણે છે તેમ દિલ્હીના મયૂરાસન ભણી રહ્યાં કરતી હોઈ એમણે નવી સરકારના પહેલાં બજેટમાં કોઈ વિશેષ કૃપા કરવાનું ઉચિત લેખ્યું ન હોય તે બનવાજોગ છે. વાર્ષિક યોજનામાં સૌથી મોટો ૨૪,૫૮૬ કરોડનો હિસ્સો સામાજિક સેવાઓ પાછળ ફાળવાયો છે. પોષણક્ષણ મકાનો માટે ૪૪૦૦ કરોડ જેવી મોટી રકમ ફાળવવામાં આવી છે. સરકારી દાવા મુજબ વિકાસલક્ષી ખર્ચ વધીને ૭૬,૬૭૯ કરડો થયો છે જયારે મહેસૂલી આવક વધીને ૮૫૭૫૨ કરોડની થઈ છે. રાજયના તમામ કરવેરાઓની આવક ૬૦,૨૦૮ કરોડ થવાનો અંદાજ છે. નરેન્દ્ર મોદી ભારતે વિશ્વના સૌથી યુવાન દેશ તરીકે ઓળખાવે છે. ગુજરાતનો વિકાસ એ ભારતના વિકાસનું એપી સેન્ટર હોવાનો પણ એ દાવો કરતા રહ્યાં છે. વૈશ્વિક તકોને આત્મસાત કરી શકે તેવી યુવા શક્તિની સજ્જતા માટે એમણે બજેટને 'પ્રો-યૂથ' ટચ અપાવવાની કોશિશ કરી છે. ૨૮૯ કરોડના નવા કરવેરાનું ભારણ સામાન્ય જનતાને અસર નહીં કરે એવી ભ્રાંતિમાં અંદાજાયેલા બજેટમાં સામાન્ય જનતા જે રાહતોની કાગડોળે રાહ જોઈ રહી હતી એવી પેટ્રોલ, ડીઝલ કે સીએનજી પરના વેટ કે સેસના ઘટાડાની કોઈ દરખાસ્ત છે જ નહીં. આથી દેખીતી રીતે જ એમના મેટ્રો રેસ પ્રોજેકટલક્ષી મહત્વાકાંક્ષી બજેટને વિપક્ષી આગેવાનોએ દિશાહિન, નિરાશાજનક અને કુગાવો વધારનારું તથા મોંઘવારી વધારનારૂં તથા પ્રજા સાથેની છેતરપિંડી સમું ગણાવ્યું છે. જો કે સૌરાષ્ટ્રમાં નર્મદાનાં જળના અવતરણ માટે બજેટમાં જોગવાઈ કરાઈ છે, વળી સિંચાઈનાં સાધનો તથા શૈક્ષણિક સાધનો પર વેરા માફીની જાહેરાત કરીને ખેડૂતો તથા શિક્ષણ જગતને રાજી રાખવાનો પ્રયાસ પણ કર્યો છે. છતાં આ બજેટ લોકપ્રિય સરકાર પાસેની પ્રજાની અપેક્ષા મુજબનું બજેટ નથી એ હકીકત સ્વીકારવી જ રહી. છેલ્લાં ઘણાં વર્ષોથી બજેટ રજૂ કરતા રહેતાં પૂર્વ નાણાંમંત્રી હવે અધ્યક્ષ બની ગયા હોઈ બજેટ રજૂ કરતી વખતે જે રમૂજ કરતા તે એમને અધ્યક્ષ તરીકેને કોમેન્ટ્સ કરીને મન વાળવું પડ્યું હતું.

કડી સર્વ વિદ્યાલયમાં પ્રાથમિક શાળાઓનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

સર્વ વિદ્યાલય કડી સંચાલિત ગાંધીનગર શાખાની વિવિધ પ્રાથમિક શાળાઓના તેજસ્વી તારલાઓને પૂજય દાસ કાકા અને પૂજય દિવાળી બા સ્મૃતિ પારિતોષિક પુરસ્કાર અર્પણ સમારોહ અને વાર્ષિકોત્સવ તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૩ ને બપોરે ૧.૩૦ કલાકે ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન સર્વ વિદ્યાલય કેમ્પસ સે-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે.

આ કાર્યક્રમના પ્રારંભે દિપ પ્રાગટય, પ્રાર્થના, સ્વાગત પ્રવચન, મહાનુભાવોને પરિચય અને સ્વાગત બાદ ઈનામ વિતરણ, મહાનુભાવોનું ઉદબોધન, અધ્યક્ષનું ઉદબોધન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને અંતે આભાર દર્શન કરવામાં આવશે. જે સમારંભના અધ્યક્ષ તરીકે ગાંધીનગર અને કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વાઈસ ચેરમેન ડો. કનુભાઈ પટેલ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેમજ સભ્ય સચિવ અભ્યાસક્રમ શાખા જી.સી.આર.ટી. ગાંધીનગરના આચાર્ય ડો. ટી.એસ. જોષી ઉપસ્થિત રહેશે.

ખેલ મહાકુંભમાં માઉન્ટ કાર્મેલનો ઉત્કૃષ્ટ દેખાવ

માઉન્ટ કાર્મેલ સ્કૂમાં ખેલ મહાકુંભ અંતર્ગત 'અન્ડર-૧૬ હૉકી ભાઈઓમાં સ્મિત શાહ, પ્રતિક સોનાર, યશ જીવાણી, કિર્તન લીંબાચીયા,' રાજયકક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને ને શાળાનું ગૌરવ વધારેલ છે.

ઈન્ફોસિટી સ્કૂલ ખાતે ધો. ૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ઈન્ફોસિટી સ્કૂલ, સરગાસણ ખાતે ધો. ૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. માર્ચમાં યોજાનારી એસએસસી બોર્ડની પરીક્ષા માટે મેનેજમેન્ટ તેમજ શિક્ષકોએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા.

શાળાના આચાર્ય શ્રી ગગલાણી સાહેબ સંસ્થાના પ્રમુખ શ્રી વૈષ્ણવ સાહેબ, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દલસાણીયા સાહેબ, પંડ્યા સાહેબ, પાઠક સાહેબ વગેરેએ વિદ્યાર્થીઓને પરીક્ષા અંગેની મહત્વની સૂચનાઓ આપી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત શિક્ષક મિત્રો તરફથી તેમના સંસ્મરણો માટે એક સીડી પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે સેકન્ડરી વિભાગના હેડ પ્રવિણાબેન પટેલ, દિપીબેન દેસાઈ અને સમગ્ર સ્ટાફે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વહાણવટી વિદ્યાલયમાં વાર્ષિક રમતોત્સવ

ગાંધીનગર, તા. ૨૩

વહાણવટી વિદ્યાલયમાં વાર્ષિક રમતોત્સવ યોજાયો હતો. જેમાં ૧૫૦ બાળકોએ ખોખો, કબડ્ડી, વૉલીબૉલ, લાંબી કૂદ, બચ્ચી ફેંક, ચક્ર ફેંક, ૧૦૦, ૨૦૦ અને ૪૦૦ મીટર દોડ તેમજ એથ્લેટીક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. વિજેતાઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં હતા.

પોસ્ટ વિભાગના રાષ્ટ્રીય કક્ષાના કર્મચારીઓના બાસ્કેટ બોલ ટૂર્નામેન્ટ તાજેતરમાં સેક્ટર-૧૫, સાંઈ કોમ્પ્લેક્ષ ખાતે યોજાઈ હતી તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

ઈસનપુર મોટાની ભીખાભાઈ શાળામાં વિદાય અને વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના ઈસનપુર મોટા ગામે શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલ ખાતે રિનોવેશન થયેલ સાંસ્કૃતિક હોલનો શાળાને અર્પણ કાર્યક્રમ, શાળાનો વાર્ષિકોત્સવ તેમજ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા વિદાય સમારંભ તાજેતરમાં યોજાઈ ગયો.

શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલ ઈસનપુર મોટામાં શાળાનો વાર્ષિકોત્સવ રિનોવેશન થયેલ સાંસ્કૃતિક હોલનો શાળા અર્પણ કાર્યક્રમ તથા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા-વિદાય સમારોહ યોજાઈ ગયો. આ સમારંભમાં અધ્યક્ષપદે પ્રગતિ મંડળના પ્રમુખ ગોવિંદભાઈ પટેલ તથા મુખ્ય મહેમાન તરીકે કનુભાઈ મફતભાઈ પટેલ તથા કનુભાઈ મધુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના પૂર્વ વિદ્યાર્થી હાર્દિકભાઈ પટેલનું સી.એ.ની પદવી મેળવવા બદલ ખાસ અભિવાદન કરવામાં આવ્યું હતું. શાળાના વાર્ષિકોત્સવ અને શુભેચ્છા વિદાય સમારંભમાં શાળાના ભૂલકાઓએ તેમની મનોહર કૃતિઓ રજુ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ તથા મુખ્ય મહેમાન કનુભાઈ મનસુખભાઈ પટેલ, હરિભાઈ પટેલ તથા અતિથિવિશેષ તરીકે પ્રફુલભાઈ રાવલે વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. શાળાના ટ્રસ્ટી એવા રામચંદ્રભાઈ પટેલ, મંત્રી રમેશભાઈ પટેલ તથા કેમ્પસ ડાયરેક્ટર ઝીલુસિંહ બિહોલા તથા શાળાના આચાર્ય હર્ષદભાઈ ઠક્કરે વિદાય લેતા વિદ્યાર્થીઓને ઉદ્બોધન પાઠવ્યું હતું. કાર્યક્રમના અંતે પ્રાથમિક વિભાગના આચાર્ય ભરત રાવલે આભારવિધિ કરી હતી.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૨૦૧૨માં ટેકવોન્ડો સ્પર્ધામાં રાજય કક્ષાની સ્પર્ધા જે મણીનગર અમદાવાદ ખાતે યોજાઈ હતી. તે સ્પર્ધામાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા પીંપળજનો વિદ્યાર્થી સોલંકી હરેશે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ શાળાના ટ્રસ્ટી ભરતભાઈ કુંમર, હર્ષદભાઈ પટેલ તેમજ શાળાના આચાર્ય ભરતસિંહ રાઠોડ તેમજ કાંચ રાજુભાઈ અને ભરતભાઈ દ્વારા અભિનંદન પાઠવ્યા છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એમએસીઆઈટી વિભાગ દ્વારા લા-કોમ્પાસ ૨૦૧૩ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એમએસી આઈટી વિભાગ દ્વારા એક દિવસીય નેશનલ ટેકનિકલ ફેસ્ટિવલ 'લા-કોમ્પાસ ૨૦૧૩'નું આયોજન કરવામાં આવ્યું છે. રાજયમાં આવેલી ૭૦ જેટલી કોલજમાંથી આશરે ૬૫૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એમએસી આઈટી વિભાગ દ્વારા એક દિવસીય નેશનલ ટેકનિકલ ફેસ્ટિવલ 'લા-કોમ્પાસ ૨૦૧૩'નું આયોજન ૨૫ ફેબ્રુઆરીના રોજ યુનિવર્સિટી બિલ્ડીંગ, સેકટર-૧૫ ગાંધીનગર ખાતે યોજાશે. એમએસી આઈટી વિભાગ દ્વારા યોજવામાં આવેલા કોમ્પ્યુટર સાયન્સ ઈન્ફોર્મેશન ટેકનિકલ ફેસ્ટિવલમાં રાજયભરની ૭૦ કોલેજોમાંથી ૬૫૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાશે. ઉપસ્થિત વિદ્યાર્થીઓ આયોજિત નેશનલ ફેસ્ટિવલમાં ક્વિઝટીવ આર્ટ, ડી-કોર્ડીંગ, પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન, પેપર પ્રેઝન્ટેશન, ડિબેટ વગેરે જેવી સ્પર્ધાઓમાં ભાગ લેશે.

ફેસ્ટિવલના ઉદ્ઘાટન પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડી.ટી. કાપડીયા, અશોક સુરવે ડિરેકટર ઓફ ઈન્ફોસેન્સ ગ્લોબલ ગાંધીનગર, મંતવ્ય ગજ્જર મેનેજિંગ ડિરેકટર ટાઈની ઈઆરપી ગાંધીનગર, નિલય મિસ્ત્રી આસી.પ્રોફેસર ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર, કડી સર્વ વિશ્વવિદ્યાલયના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના ડીન ડૉ. એન.એન. જાની, એસ.વી. આઈ. સી.એસના ડિરેકટર ડૉ. એસ.એમ. શાહ વગેરે ઉપસ્થિત રહેશે.

ચૌધરી કન્યા વિદ્યાલયમાં શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો હતો. ધોરણ-૯ અને ૧૧નાં વિદ્યાર્થીઓએ શુભેચ્છા પાઠવી. વિદ્યાર્થીનીઓ વિદાય ગીત રજૂ કર્યું.

વિવિધ પ્રવૃત્તિમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી નંબર મેળવવા બદલ ઠાકોર હાર્દિકએ નેશનલ કક્ષાએ ફેન્સીંગમાં સરદાર કિંજલ કીક બોક્સીંગમાં ઈનામો આપવામાં આવ્યા છે. સંસ્થામાં મંત્રી શંકરભાઈ ચૌધરીએ આશીર્વચન આપ્યા હતા. સુધાબેન પટેલે આભારવિધિ કરી. બારોટ પૂર્વી અને કૃપા ઠક્કરે સંચાલન કર્યું હતું. માલતીબેન ભટ્ટે પ્રતિત્રા લેવડાવી હતી. કાર્યક્રમનું આયોજન મનોરંજન મંત્રી અરૂણાબેન ચૌધરીએ કર્યું હતું.

અડાલજ માણેકબા કૉલેજમાં વિશ્વમાતૃભાષા દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩

અડાલજની માણેકબા પીટીસી કૉલેજમાં વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે સાહિત્યિક વ્યાખ્યાન યોજાયું હતું. વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે શ્રીમતી માણેક બા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજમાં સાહિત્ય વ્યાખ્યાન કલોલની આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનાં પ્રો. અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. અમૃતભાઈ ચૌધરીએ આપ્યું હતું.

માતૃભાષા ઉપર તોળાઈ રહેલા ભય સ્થળોની ગંભીર ચિંતા વ્યકત કરી માતૃભૂમિ અને માતૃભાષાનું ગૌરવનું જતન કરીએ એટલું ઓછું છે. બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ ઉદેશી ઝવેરચંદ મેઘાણી રચિત છેલ્લો કટોરો પી જજો બાપુનું રસપાન કરાવ્યું હતું.

આચાર્યા સુરેખાબેન ચૌધરીએ પ્રાસંગિક પ્રવચનમાં માતૃભાષાનો મહિમા વર્ણવ્યો હતો. પ્રો. મહેન્દ્રભાઈ પરમાર, છોટુભાઈ પટેલ, ગુજરાતી ભાષાની રસપ્રદ માહિતી આપી હતી. આભારવિધિ અયનાબેન પટેલે કરી હતી. આ નિમિત્તે કલાત્મક પ્રદર્શન યોજાયું હતું.

"પગલાં વસંતનાં"... મેલોડિયસ ગીતોની મધુર સુરાવલીથી વસંતઋતુનાં વધામણાં...!!

વસંત પંચમી આવે અને ખુબ લગ્ન કંકોત્રરી આવે કે ઠેકઠેકાણે લગ્ન મંડપ દેખાય ત્યારે ખબર પડે કે વસંતઋતુ એક જ દિવસે આવીને જાએ કે પ્રેમનાં સંબંધનો

પાક્કો દસ્તાવેજ કરી દીધો... યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા શનિવારે વસંત ઋતુને વધાવવાનો એક મસ્ત કાર્યક્રમ યોજાઇ ગયો.

ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયાં છે આજ તો છાંટા વસંતનાં...

મધુરો મીઠો મસ્ત કોયલનો ટહુકો કરી કાર્યક્રમનું સંચાલન કરતાં માર્ગી હાથીએ વસંતઋતુના વિવિધ રંગોની વાત કરી, અને આ આખી મહેફિલમાં "પગલાં વસંતનાં" ડગલે ને પગલે વાસંતી વાયરામાં ડોલાવશે એવી પ્રતીતિ કરાવી દીધી...

શાસ્ત્રીય રાગ વસંત એ મોટા ભાગના શાસ્ત્રીય ગાયકોનો માનીતો રાગ રહ્યો છે. ૧૯૫૬માં આવેલા મશહુર હિન્દી ફિલ્મ 'બસંત બહાર' ના સાતેય ગીતો રાગ બસંત પર આધારિત હતાં. શૈલેન્દ્ર અને હસરત જયપુરીએ લખેલ એ ગીતોને શંકર જયકિશને સંગીતથી મઢેલા ગીતો આજેય એટલાં જ માણવા ગમે એવાં છે...

પડદો ખુલતાં જ શ્લોક, ઋતુ બસંત અને રાગણીઓથી છેડાયેલી સુરાવલીએ વસંતની ઋતુના વધામણાં કરી લીધાં... સંગીતક્ષેત્રે સિધ્ધહસ્ત ગણાતાં અને જેમની આંગળી એ આંગણીમાં સંગીતના સુરો સ્ટોર થયેલાં છે એવાં અમીત ઠક્કર જયારે એમનાં કિબોર્ડ પર એક સાથે અનેક વાદ્યોની સુર સંગત કરતાં હોય ત્યારે એમણે માણવા એક લ્હાવો જ છે...

મારો દેવરીયો છે અને કોરાં કોરાં રૂદીયામાં જેવી રચનાથી ગાયકીનો ભારેખમ અવાજની મલિકા ભાવનગરની દિપ્તી દેસાઇ એટલે ગુજરાતની લતા મંગેશકર જ સમજી લો... ભજનથી લઇ ગરબા સુધીનાં દરેક ગીતોને રેશમી અવાજમાં ગાતી દિપ્તી દેસાઇ શાસ્ત્રીય ગોતમાં એટલાં જ માહીર છે... 'પ્રેમ એટલે કે સાથ' મુકુલ ચોક્સીની રચના ગાનારાં મિહીર જાનીનો આવા જ કોઇ પણ ગીતને અનુરૂપ થવાની રીતથી સહજપણે ગમે એવો... આ બધાં કલાકારોએ મફેફિલને મન મુકીને સજાવી.... પણ આ કાર્યક્રમનાં બધાં ગીતોને વાગોળવા કરતાં જો માત્ર બે જ ગીતોને મમળાવીએ તો ય ગણું થાય અને એનો સંપૂર્ણ શ્રેય એની ગાયિકા નયના શર્માને જ જાય...

અમીત ઠક્કર એક સારાં મ્યુઝિક કંપોઝર છે. અને ગાંધીનગરનાં પ્રેક્ષકો સમક્ષ એણની નવી રચના મુકતા એ કાયમ હર્ષ અનુભવે છે. આજનાં કાર્યક્રમમાં એમણે ગુજરાતી

મ્હેકી રહી છે મજંરી એક એક આંસુમાં
મ્હોર્યાં છે આજ આંખમાં આંબા વસંતના
ઊડી રહ્યા છે યાદનાં અબીલને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતનાં...

રાજય સંગીત નાટક અકાદમીનાં સચિવ અને જાણીતા કવિ ડો. પ્રદિપ આઝાદની રચનાને પેશ કરી અને દિપ્તી દેસાઇનાં કસાયેલાં અવાજે 'ફુલની ફોરમ બની પ્રગટ્યાં.' માં વસંતઋતુની છણાવટ કરી જમાવટ કરી દીધી...

સ્વર્ણ સુંદરી ફિલ્મનું 'કુહુ કુહુ બોલે કોયલીયાં' ગીત

ઉઘડતે પડદે
- સંજય થોરાત

એ ચાર રાગો પર આધારિત છે એવું ઘણાં ઓછા લોકોને ખબર હશે, સોહની, જહોનપુરી અને બસંત (યોથો ચાદ નથી આવતો) નું આ ગીત આજના કાર્યક્રમની સર્વશ્રેષ્ઠ રજૂઆત હતી... નયના શર્માએ આલાપ લીધો અને અમીત ઠક્કરે કિ-બોર્ડ પર આંગળી મુકી તબલચીએ થપાટ મારી ત્યાં જ ખબર પડી ગઇ કે આજ કુછ અજબ હોને વાલા હૈ... આ ગીતનો પ્રેમ પ્યાલો ચાખ્યો હોય એજ જાણે, ખરેખર શાસ્ત્રીય રાગ આધારિત અત્યંત અઘરૂં એવું આ ગીતની રજૂઆતથી આપણાં ગુજરાતી કલાકારોએ તો વટ પાડી દીધો...

ફાગણ આયો, ફાગણ ફોરમ તો આયો, મેં તો રંગ્યો હતો, સનન સનન, સમીર મંદ મંદ, વૃક્ષ વૃક્ષ ડાળી ડાળી, કોકીલ પંચમ બોલ બોલે, નજર્યુંના કાંટાની, પીગુ મારો, રાતનો અંધાર, નવા નગરની ઊંચી તલાવડીને ઓ પાણી ગ્યાંતા, આ ડાળ ડાળ જાણે કે, કોયલિયા બોલે અંબુવાડી... કોને વખાણીએ ને કોને છોડીએ પણ ફરી પાછું નયના શર્માએ 'પિયા તોસે નૈના લાગે રે' ગાયું અને એ જ ફરી હિન્દી ફિલ્મોનાં જૂના ગીતોનો સુવર્ણકાળની ફિલ્મ જાણે કે નજર સામેથી સરકવા લાગી... આહ, વાહ અને અદ્ભૂત સિવાય કાંઇ ઓછું ખપે જ નહીં...!!

રંગે રમે આનંદે રમે, વૃંદાવન ગ્યાતા અને દિપ્તી દેસાઇ ઘૂંટણભર બેસીને 'હોરિયામાં ઉડે રે ગુલાલ' ગાય એટલે ભલે હાથમાં ગુલાલ ના હોય તમે રાજકપૂર જેવી હોળીનો અનુભવ કર્યા વગર રહી જ ના શકો... દિપ્તી દેસાઇનાં અવાજ માટે વખાણીએ એટલું ઓછું પણ એની એનર્જીને તો સલામ કરવી પડે, સતત સ્માઇલી ફેસ અને ગીતોને સરળ - સહજ ગાઇને જે ઉત્સાહ બતાવે એટલે સાજિંદાઓ તાનમાં આવ્યાં જ સમજો...

આખોય કાર્યક્રમ અત્યંત સુંદર, સ્વરબધ્ધ અને વખાણવામાં લાયક રહ્યો...

રૂપેરી ચાદથી છલકાતી ખ્યાલી સાંજની
હરકોઇ મોજથી પીઓ સુધા વસંતની...

સંગીતની રેલમછેલ વચ્ચે વાસંતી કોયલ જેવાં જ મીઠાં અવાજમાં સંચાલન કરતાં માર્ગી હાથીએ ખ્યાતનામ કવિઓનાં શેર અને એમની ગુજરાતી ભાષાની સ્વચ્છ વાતોથી કાર્યક્રમનો જે અનેરો સેતુ બાંધી રાખ્યો તે બિરદાવવા લાયક રહ્યો... આ સમગ્ર વસંતઋતુનાં વધામણાનો કાર્યક્રમ જેમણએ ના માણ્યો એ બદનસીબ જ કહેવાય અને માણ્યો એ તો એમ જ કહેશે કે 'કુહુ કુહુ બોલે કોયલીયાં' અને 'છમછમ નાચત આયી બહાર' વસંતને... વધાવો...